આણંદ પોલીસનું સર્ચ ઓપરેશન : જિલ્લાના વિવિધ વિસ્તારમાંથી 308 શંકાસ્પદોને રાઉન્ડ અપ કરવામાં આવ્યાં

આણંદમાં ઘુસણખોરી કરનારા 8 બાંગ્લાદેશી પકડાયાં

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચ, સ્પેશ્યલ ઓપરેશન ગ્રુ, પેરોલ ફર્લો તથા સ્થાનિક પોલીસે કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) આણંદ તા.28

રાજ્યભરમાં ચાલી રહેલા બાંગ્લાદેશી ઘુસણખોરોને પકડવાની ઝુંબેશના પગલે આણંદ પોલીસ પર સોમવારે હરકતમાં આવી હતી. આણંદ જિલ્લા પોલીસની ટીમ દ્વારા દિવસભર 308 જેટલા શંકાસ્પદને રાઉન્ડ કર્યાં હતાં. જેમાં 8 બાંગ્લાદેશી નાગરીકોને ઓળખ થતાં તેમને તેમના વતન મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજ્યમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશના લોકોને શોધવાની ડ્રાઇવ ચાલી રહી છે. જેના ભાગરૂપે આણંદ જિલ્લા પોલીસ વડા જી. જી. જસાણીએ જિલ્લાના તમામ અધિકારીઓને બાંગ્લાદેશના અનઅધિકૃત રીતે રહેતા નાગરિકોને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી. આ સુચનાના ભાગરૂપે સોમવારના રોજ આણંદ જિલ્લા પોલીસ દ્વારા નાયબ પોલીસ અધિક્ષક આણંદ, પેટલાદ, ખંભાતની અધ્યક્ષતામાં અલગ અલગ વિસ્તારોમાં લોકલ ક્રાઇમ બ્રાચ, સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ, પેરોલ ફર્લો તથા સ્થાનિક પોલીસની અલગ અલગ ટીમ બનાવી આણંદ ટાઉન, વિદ્યાનગર, પેટલાદ ટાઉન, બોરસદ ટાઉન તથા ખંભાત સીટી વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન અમુક લોકોના રહેઠાણના પુરાવા પ્રાથમિક દૃષ્ટિએ શંકાસ્પદ જણાઇ આવ્યાં હતાં. આ લોકોનું પુરતી સુરક્ષા વચ્ચે સઘન ચેકીંગ કરવામાં આવ્યું હતું. આણંદ શહેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુલ 88, વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં કુલ 10, પેટલાદ શહેર પોલીસમાં 26, બોરસદ ટાઉન પોલસ સ્ટેશન વિસ્તારના 39, ખંભાત શહેર પોલીસ સ્ટેશનના 145 શકમંદો મળી જિલ્લાના કુલ 308 શંકાસ્પદ શખ્સોને રાઉન્ડ અપ કરવામાં આવ્યાં છે.

તેમની સાચી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે તેઓના આધારકાર્ડ, નાગરિકત્વના પુરાવા, રેશનકાર્ડ તેમજ તેઓના મોબાઇલ ફોનની ટેકનિકલ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ કામગીરી દરમિયાન આઠ બાંગ્લાદેશી નાગરિકો અનઅધિકૃત રીતે ઘુસણખોરી કરી વસવાટ કરતા મળી આવ્યાં હતાં. જેમની વધુ સઘન તપાસ હાથ ધરી કાયદેસર રીતે ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય 8 શંકાસ્પદ ઇસમ બાબતે તેઓની બાંગ્લાદેશની નાગરીકતા બાબતે ખરાઇ કરવા અંગેની કાર્યવાહી હાલ શરૂ છે. જેઓ વિરૂદ્ધ પણ ચોક્કસ તપાસ પૂર્ણ કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે. હાલ આ અંગે પોલીસે સઘન કામગીરી હાથ ધરી છે.

શંકાસ્પદ વ્યક્તિ જણાય જાણ કરવા અપીલ

આણંદ જિલ્લામાં રહેણાંક તથા વ્યવસાયની આજુબાજુના વિસ્તારમાં કોઇ પણ અનઅધિકૃત રીતે વસવાટ ઘધો કરતા પાકિસ્તાની કે બાંગ્લાદેશી નાગરીક હોવાનો શકવહેમ હોય તો આણંદ જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ મોબાઇલ ન. 6355988169 અથવા 100 નંબર પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

પેટલાદના લીયાકત સામે સોથી વધુ ગુના નોંધાયા છે

પેટલાદના બુટલેગર એલકેને ત્યાં દબાણ હટાવવામાં આવ્યું

મકાન બહાર કરેલું દબાણ તોડવાની કામગીરી હાથ ધરતાં જ ટોળા ઉમટી પડ્યા

(પ્રતિનિધિ) પેટલાદ તા.28

પેટલાદ શહેર પોલીસ દ્વારા પણ બુટલેગરોની યાદી બનાવી હોવાનું જાણવા મળે છે. આ યાદી મુજબ વિદેશી દારૂની મોટાપાયે ખેપ મારતા એક બુટલેગરે કરેલા દબાણ દૂર કરવા આજે બપોરે પોલીસ કાફલો ત્રાટક્યો હતો. આ માથાભારે બુટલેગરે મકાન બહાર કરેલ દબાણ તોડવાની કામગીરી હાથ ધરતાં જ લોકટોળા ઉમટી પડ્યા હતા. આ સમગ્ર કામગીરીમાં ટાઉન

પોલીસ અને નગર પાલિકાના કર્મચારીઓ જોડાયા હતા.

પેટલાદ શહેરમાં વિદેશી દારૂનો મોટાપાયે થતાં વેપારમાં લિયાકત ઉર્ફે એલકેનું નામ મોખરે ગણાય છે. જેની ઉપર અત્યાર સુધીમાં પ્રોહિબીશનના સો થી વધુ ગુનાઓ રાજ્યના જુદા જુદા પોલીસ મથકોમાં નોંધાયા છે. આ ગુનાઓ અંતર્ગત બુટલેગર એલકે રાજ્યની ૨૫ જેટલી જેલોમાં ગયો હોવાનું જાણવા મળે છે. પેટલાદમાં વિદેશી દારૂની મોટા પાયે ખેપ મારનાર આ બુટલેગર એલકેને અત્યાર સુધીમાં 12 વખત પાસા હેઠળ જેલના સળીયા પાછળ પણ ધકેલવામાં આવ્યો છે. જેથી આવા રીઢા ગુનેગાર સામે ગૃહ વિભાગની ચાલતી કાર્યવાહી અંતર્ગત આજે પગલાં લેવામાં આવ્યાં છે. આ એલકેએ પોતાના રહેણાંક મકાન બહાર લોખંડની જાળી, શેડ અને દરવાજા બનાવી રસ્તા પૈકી દબાણ કર્યું હતું. જેનો આજરોજ પેટલાદ ટાઉન પોલીસે સફાયો કર્યો હતો. પેટલાદ નગર પાલિકાના કર્મચારીઓ અને જેસીબી મશીનની મદદથી દબાણ તોડી પાડવામાં આવ્યું હતું. આગામી સમયમાં હજી પણ ચારેક દબાણો દુર થવાના હોવાનું પેટલાદ ટાઉન પોલીસ ઇન્સ્પેકટરે જણાવ્યું હતું.

સંખ્યાડ જમીન કૌભાંડમાં તલાટીને સસ્પન્ડ કરાયો

વહીવટદારને અંધારામાં રાખી ઠરાવ કરી જમીન ભાડાપટ્ટે ફાળવી દીધી

(પ્રતિનિધિ) આંકલાવ તા 28

આંકલાવ તાલુકાના સંખ્યાડમાં વહીવટીદારને અંધારામાં રાખી તલાટી દ્વારા સંખ્યાડના સર્વે ન.666માં આવેલી 3 ગુઠા જેટલી જમીન ભાડાપટ્ટે તેમજ વનીકરણ માટે ઠરાવ કરવામા આવતા ગામના જાગૃત નાગરિક દ્વારા રજુઆત કરવામાં આવતાં તલાટીને સસ્પેન્ડ કરાયો છે.

સંખ્યાડ ગામમાં સરકારી પડતર જમીન પાસે જૂનો રસ્તો આવેલો છે. આ રસ્તો પહોળો કરવાં માટે મેન્ટલ નાખવામાં આવ્યા છે, તેમ છતાં પંચાયત દ્વારા લાપરવાહી દાખવવામાં આવી છે. આંકલાવના સંખ્યાડ નદી કિનારા પાસે વડોદરાના બિલ્ડરે રાખેલી જગ્યા તેમજ અન્ય સ્થાનિક ખેડૂતોની અવર જવર માટે સર્વે ન 666માં 3 ગુઠા સરકારી પડતર જમીન રસ્તા તેમજ વનીકરણ માટે દર વર્ષે ભાડા પેટે આપવા તલાટી દ્વારા ઠરાવ કરવામાં આવ્યો હતો. જેથી ગ્રામજનો તેમજ ગામના જાગૃત નાગરિક રણજીત સોલંકી દ્વારા જિલ્લા કક્ષાએ રજુઆત કરવામાં આવી છે . ત્યારે સમગ્ર બાબતે વિરોધ થતા ઠરાવ રદ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. સંખ્યાડમાં વહીવટીદારને અંધારામાં રાખી તલાટી દ્વારા સંખ્યાડના સર્વે નં.666માં આવેલી 3 ગુઠા જેટલી જમીન ભાડાપટ્ટી તેમજ વનીકરણ માટે ઠરાવ કરવામા આવતા ગામના જાગૃત નાગરિક દ્વારા રજુઆત કરતાં તાત્કાલિક તલાટીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે.

કચેરીઓમાં વર્ષોથી માનીતા કર્મચારીઓ યથાસ્થાને

ખેડા જિલ્લા પંચાયતમાં માનીતા કર્મીની બદલી ન થતાં ગણગણાટ

5થી 10 વર્ષ વીતિ જવા છતાં કર્મીને એક જ ટેબલ સોંપી રાખતા તર્ક-વિતર્ક

(પ્રતિનિધિ) નડિયાદ, તા.28

ખેડા જિલ્લા પંચાયત કચેરીના જુદા-જુદા વિભાગો અને તાબાની કચેરીઓમાં વર્ષોથી માનીતા કર્મચારીઓને એક જ ટેબલ પર રાખવામાં આવ્યા છે. 5 વર્ષથી માંડી 15 વર્ષ થવા છતાં અનેક એવા કર્મચારીઓ છે, જેમની બદલી કરવામાં જિલ્લા પંચાયત કચેરી દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. ત્યારે આ કર્મચારીઓની બદલી કરાય તેવી રાજ્ય સરકારને રજૂઆત કરાઈ હતી, જે બાદ સરકાર વારંવાર આદેશ મળતા આ અંગેનો જિલ્લા વિકાસ અધિકારીએ રીપોર્ટ મંગાવ્યો છે.

મળતી માહિતી મુજબ નડિયાદ ખાતેની ખેડા જિલ્લા પંચાયત કચેરીમાં અનેક વિભાગો છે. બાંધકામ, સિંચાઈ, મહેસુલ, પંચાયત, શિક્ષણ, વિકાસ, પશુપાલન, મેલેરીયા સહિતના વિભાગોમાં ચોક્કસ ટેબલો વર્ષોથી માનીતા કર્મચારીઓને સોંપી રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લા પંચાયત હસ્તકની તાલુકા પંચાયતો અને છેક ગ્રામ પંચાયતના તલાટીઓ સુધીની બદલીઓમાં ઉદાસીનતા દાખવતા વર્ષોથી તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોમાં પણ ચોક્કસ સરકારી કર્મચારીઓ અને તલાટીઓએ અડ્ડો જમાવી રાખ્યો છે. આ અંગેની જાગૃત નાગરીકો દ્વારા કર્મચારીઓના નામ જોગ રાજ્ય સરકારને ફરીયાદ કરાઈ હતી. ખાસ કરીને, ICDS વિભાગમાં મિનાક્ષીબેન આઠ વર્ષથી એક જ ટેબલ પર છે, જ્યારે મહેમદાવાદ તાલુકા પંચાયતના વિકાસ ટેબલ પર પણ મહિલા કર્મચારી 6 વર્ષથી ચિટકી રહ્યા છે. આ સિવાય ગળતેશ્વર તાલુકામાં વિસ્તરણ અધિકારી 7 વર્ષથી એક જ ટેબલ પર અડ્ડો જમાવી બેઠા છે. તેઓનું પ્રમોશન થવા છતાં માત્ર એક જ ટેબલ પરથી કામગીરી કરતા હોવાની ફરીયાદો ઉઠી છે. ઠાસરા તાલુકાના એ.ટી.ડી.ઓ. નિલય શાહ વર્ષોથી એક જ તાલુકામાં ફરજ બજાવી રહ્યા છે. જિલ્લા પંચાયત કચેરીના વિભાગોમાં વાત કરીએ તો અમિતભાઈ પંડ્યા મહેકમ વિભાગમાં, દિપકભાઈ સુથાર પંચાયત વિભાગમાં, વર્ષાબેન સમાજ-કલ્યાણ વિભાગ તો પશુપાલન શાખામાં ઈન્દુબેન અને આરોગ્ય ખાતામાં કિંજલબેન સહિતના કર્મચારીઓ 3 વર્ષ કરતા વધારે વર્ષથી ફરજ બજાવી રહ્યા છે.

આ સાથે જ ગ્રામ પંચાયતોમાં પણ ચોક્કસ તલાટીઓ એક જ ગામમાં વર્ષોથી ફરજ બજાવી રહ્યા છે. જો બદલીઓ કરવામાં આવે તો પુનઃ થોડા જ દિવસોમાં પાછા તે જ ગામમાં બદલી કરી દેવાય છે, આ સંદર્ભે તપાસ કરી કાર્યવાહી કરવા માટે કેટલાક અરજદારો દ્વારા ફરીયાદ કરાઈ હતી, જે સંદર્ભે રાજ્ય સરકારના નિર્દેશ બાદ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આવા એક જ સ્થાને ચિટકીને બેસી રહેલા કર્મચારીઓની યાદી મંગાવવામાં આવી છે. જે બાદ બદલી અને જરૂરી કાર્યવાહી સંભવ હોવાનું જિલ્લા પંચાયત સૂત્રોએ જણાવ્યુ છે.

રીટાયર્ડ કર્મચારીઓનો પણ દબદબો

આ તરફ ખેડા જિલ્લા પંચાયતમાં કેટલાય વિભાગોમાં રીટાયર્ડ કર્મચારીઓનો દબદબો છે. રીટાયર્ડ થયા બાદ સરકારી ચોપડે આઉટસોર્સિંગ, કરાર આધારીત કે અન્ય રીતે નિમણૂકો ન કરાઈ હોવા છતાં તેમને જિલ્લા પંચાયતમાં ખાસ ટેબલો પર બેસાડી રખાયા છે. તેમાં આઈ.સી.ડી.એસ. વિભાગ અને પશુપાલન વિભાગમાં મોમીન બંધુ અને આ તરફ માર્ગ અને મકાન, પંચાયત વિભાગમાં મહિપતસિંહ ચૌહાણને ટેબલ સોંપી રખાયુ છે. મળતી માહિતી મુજબ આ કર્મચારીઓને રીટાયર્ડ થયે 3 વર્ષ થઈ જવા છતાં સેવાના નામે મલાઈદાર ટેબલો આપી રાખવામાં આવ્યા છે.

અમે જવાબ આપી દઈશુ

આ અંગે ખેડા જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેકમ)નો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે, અમે સરકારને જવાબ આપી દઈશુ. જ્યારે જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોરને પૂછતા તેમણે સમગ્ર મામલે માહિતી એકત્ર કર્યા બાદ જવાબ આપીશ તેમ જણાવ્યુ હતુ.

એસીબીનો આરોપી પણ 15 વર્ષથી એક જ ટેબલ પર હતો

થોડા દિવસો પહેલા એન્ટી કરપ્શન બ્યુરોની ટીમ દ્વારા સિંચાઈ વિભાગમાં ચિટનીશ તરીકે ફરજ બજાવતા મિતુલ કાછીયાને ઝડપી લેવાયો હતો. આ મિતુલ કાછીયા 15 વર્ષ ઉપરાંતના સમયથી એક જ ટેબલ પર વહીવટ કરતો હતો. અધિકારી જે કોઈ આવે, પરંતુ તમામ કામગીરી મિતુલના જ ઈશારે થતી હતી, જો કે, વર્ષોથી અડ્ડો જમાવી બેઠેલા આ કર્મચારીએ લાંચ લેતા એ.સી.બી.એ ઝડપી પાડ્યો હતો.

ખાનગી બસે બાઇકને ટક્કર મારતાં અકસ્માત

સારસા પાસે બસ ટક્કરે વૃદ્ધનું કમકમાટીભર્યું મોત

નંદેસરીના વૃદ્ધ બાધાની કંકોત્રી બહેનના ઘરે આપી પરત જતા હતા

(પ્રતિનિધિ) આણંદ તા.28

આણંદના સારસા ગામની ચોકડી પાસે એમ.એમ. પટેલ કોમ્પ્લેક્સની સામે પુરપાટ ઝડપે જતી ખાનગી બસે બાઇકને ટક્કર મારી હતી. જેના કારણે બાઇક સવાર વૃદ્ધનું મોત નિપજ્યું હતું. આ અંગે ખંભોળજ પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

વડોદરાના નંદેસરી ગામમાં રહેતા ધર્મેશ પ્રભાતસિંહ ગોહિલ ઈલેક્ટ્રોનિક્સની દુકાન ચલાવે છે. તેમના પિતા પ્રભાતસિંહ ભારતસિંહ ગોહિલ (ઉ.વ. 58) શાકભાજીનો વેપાર કરતા હતા. ધર્મેશકુમાર 27મીના રોજ દુકાન પર હાજર હતા તે સમયે તેમના પિતા બાઇક લઇને ઘરેથી બાધાની કંકોત્રી આપવા માટે બહેનના ઘરે ઠાસરા જવા નિકળ્યાં હતાં. સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે જાણવા મળ્યું હતું કે, પ્રભાતસિંહને સારસા ચોકડી પાસે અકસ્માત થયો છે. આથી, ધર્મેશ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. આ અંગે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, ખાનગી બસ નં.જીજે 18 એવી 2072ના ચાલકે પુરઝડપે બસ હંકારી પ્રભાતસિંહની બાઇક સાથે અકસ્માત સર્જી દીધો હતો. જેના કારણે પ્રભાતસિંહની ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. આ અંગે ખંભોળજ પોલીસે ખાનગી બસના ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ખેડાના હિન્દુ - મુસ્લિમ સમાજ દ્વારા મૌન રેલી યોજાઇ

ખેડામાં સોમવારના રોજ મુસ્લિમ અને હિન્દુ સમાજ દ્વારા પહલગામ આતંકવાદના વિરોધમાં મૌન રેલી યોજાઈ હતી. આ રેલી સરદાર ચોકથી શરુ થઈને બસસ્ટેન્ડ થઈ પોલીસ ચોકી રાજા શોપિગ સેન્ટર થઈ ખેડા મામલતદારને આવેદન પત્ર આપવા પહોંચ્યાં હતા. તે સમયે બહારપુરા મસ્જિદના મૌલાના રિયાઝ સહિત અન્ય મૌલાના સાથે આગેવાનો ખમીશાભાઈ સિંધી, કે.ડી.શાહ થતા ખેડા નગરપાલિકાના સભ્યો સહિત ખુબ મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. ખેડામાં બપોર બાદ સ્વયંભુ બંધ પાળવામાં આવ્યો હતો. - **તસવીર : પ્રગ્નેશ ભાવસાર**

નડિયાદ એસપી ઓફિસમાં રાજ્યસ્તરની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ

ડીજીપીની અધ્યક્ષતામાં ક્રાઈમની સમીક્ષા સહિતના મુદ્દે ચર્ચા કરાઈ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.28

નડિયાદ પોલીસ અધિક્ષકની કચેરી ખાતે આજે રાજ્ય સ્તરની ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરાયુ હતુ. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયની અધ્યક્ષતામાં યોજાયેલી આ કોન્ફરન્સમાં રેન્જ આઈ.જી. અને કમિશ્નર્સ સહિતના ઉચ્ચાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યુ હતુ કે, માર્ચ મહિનામાં જે કામગીરી કરવામાં આવી છે તેની સમીક્ષા કરવામાં આવે છે અને ચર્ચા વિચારણા કરવામાં આવે છે. મહાનગર જેવા કે અમદાવાદ, સુરત, વડોદરા વગેરે શહેરોમાં ક્રાઈમ રેશિયો અંકુશમાં રહ્યો છે રાજ્યમાં વ્યાજખોરો સામે માર્ચ મહિનામાં 64 ફરિયાદો દાખલ કરવા ઉપરાંત 100 જેટલા લોકોને અટકાયત કરાઈ છે. અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવા

બાબતે સમગ્ર રાજ્યમાંથી 7,157નું લિસ્ટ આઈડેન્ટફાઈ કરાયું હતું. તેમાંથી 373 સામે ડિમોલિશનની કામગીરી કરી છે ઉપરાંત 1046 વિજ જોડાણો પણ કાપવામાં આવ્યા છે. ખાસ આ ક્રાઈમ કોન્ફરન્સમાં અસામાજિક તત્વો સામે જામીન કેન્સલ કરવા પણ સૂચના અપાય છે. આ ઉપરાંત ક્રાઈમ ફોર ગેમ્સ બેંક એકાઉન્ટ ચકાસણી કરવા સૂચના પણ અપાય છે. છેલ્લા અમુક દિવસોમાં સમગ્ર રાજ્યમાં ઘેર કાયદે વસવાટ કરતા બાંગ્લાદેશી સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. એમાં અમદાવાદમાંથી 890, સુરતમાંથી 132 શંકાસ્પદ બાંગ્લાદેશ અને ડિટેન કરાયા છે. લા બે દિવસની અંદર સમગ્ર રાજ્યમાંથી 6,500 શંકાસ્પદ બાંગ્લાદેશ અને ડિટેલ કરાયા છે અને પૂછપરછ હાથ ધરવામાં આવી છે જોકે ડિપોટ કરાયામાં લાંબી કાર્યવાહી થશે. અત્યાર સુધી 450 બાંગ્લાદેશોને આઈડેન્ટીફાય કરી ચૂકવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યમાં સોર્ટ ટર્મ વિઝાથી આવેલા સાત પાકિસ્તાનનીઓ જે હાલ પાકિસ્તાનમાં જતા રહ્યા છે તેમ તેમણે જણાવ્યું છે.

ચંડોળા તળાવ બાબતે પણ તેમણે કહ્યું કે, આ તમામ બાંગ્લાદેશીઓની પુછપરછ ચાલુ છે તો વળી ગોંડલના બનાવવામાં મામલે પણ તેમણે જણાવ્યું કે 10 લોકોની અટક કરવામાં આવી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225